# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-10-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ વિકસિત રાષ્ટ્ર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે વિકસિત અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવું એ આજે આપણી ટોચની પ્રાથમિકતા છે.

અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના 71 માં પદવી દાન સમારોહને સંબોધતા સુશ્રી મુર્મુએ સ્વદેશી અને આત્મનિર્ભરતામાં ગુજરાત વિદ્યાપીઠની ભૂમિકા બિરદાવી હતી અને વિદ્યાર્થીઓને આત્મ નિર્ભરતાના સંવાહક ગણાવ્યા હતાં.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 9 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા. ગઈકાલે યોજાયેલા પદવી દાન સમારોહમાં કુલ 1 હજાર 713 વિદ્યાથીઓને પી એચ ડી, એમ ફિલ, સ્નાતક અનુસ્નાતક સહિતની વિવિધ વિદ્યા શાખાઓની પદવી એનાયત કરવામાં આવી.

------------------------------------------------------------------------------------------

## પી.એમ.ધન ધાન્ય યોજના:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં 42 હજાર કરોડથી વધુના અનેક વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ બે મુખ્ય કૃષિ ક્ષેત્રની પહેલો, પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના અને કઠોળ આત્મનિર્ભરતા મિશનનો પ્રારંભ કર્યો, જેનો ખર્ચ 35 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ બે નવી યોજનાઓ દેશના આત્મનિર્ભરતા અને ખેડૂતોના કલ્યાણ માટે શરૂ કરવામાં આવી છે.પ્રધાનમંત્રીએ જણાવ્યું કે કઠોળ આત્મનિર્ભરતા મિશન એ ભાવિ પેઢીઓને આત્મનિર્ભર બનાવવાની યોજના છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે દેશમાં છ નવી ખાતર કંપનીઓની સ્થાપના કરવામાં આવી છે, અને છેલ્લા ૧૧ વર્ષમાં ખેડૂતોને ૨૫ કરોડ સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.

----------------------------------------------------------------------------------------------------

## માંડવી ખેડુત શિબિર :

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મુન્દ્રા દ્વારા માંડવી તાલુકાના ભેરૈયામાં વિશાળ ખેડૂત શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા `પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના'નું નવી દિલ્હી ખાતેથી ઉદ્ઘાટન કરાયું હતું તેનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યુ હતું. ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવેએ ખેડુતોને સંબોધનમાં જણાવ્યુ કે,  આ વિસ્તારના પ્રગતિશીલ ખેડુતો અન્ય ખેડુતો માટે માર્ગદર્શક બની શકે તેમ છે. મગફળી, રાયડા જેવા તેલીબિયાં પાકોનું સારું ઉત્પાદન આપણા ખેડૂતો લઈ રહ્યા છે.ખેડુત શિબિરમાં વિવિધ મહાનુભાવો,કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો અને આશે 400 જેટલા ખેડુતો  ઉપસ્થિત રહ્યા હતા.

તો કેન્દ્રીય શુષ્ક વિસ્તાર અનુસંધાન કેન્દ્ર કાઝરી કુકમા સ્થિત રામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન ફાર્મ ખાતે પણ નવી દિલ્હીથી  "પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના"ના પ્રધાનમંત્રી દ્વારા આરંભના જીવંત પ્રસારણનું  આયોજન કરવામાં આવ્યુ હતું. કુકમા ખાતે 350 વધુ ખેડુતોએ ઉપસ્થિત રહીને આ પ્રસારણ નિહાળ્યુ હતું.

તેમજ  પ્રધામંત્રીએ ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું કે, સરકાર ધાન્ય, કઠોળ અને તેલીબિયાં પાકોનું ઉત્પાદન વધારવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે અને તે માટે વિવિધ લાભ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રસંગે માંડવી-મુંદરાના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ જણાવ્યુ હતું કે  આ વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો અન્ય ખેડૂતો માટે માર્ગદર્શક બની શકે તેમ છે. મગફળી, રાયડા જેવા તેલીબિયાં પાકોનું સારું ઉત્પાદન આપણા ખેડૂતો લઈ રહ્યા છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - મુંદરાના નિયામક  ડો. યુ. એન. ટાંક દ્વારા પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના વિશે માહિતી  અપાઈ હતી.

----------------------------------------------------------------------------------------------------

## મહિલા વિશ્વ કપ:

મહિલા વિશ્વ કપ.સ્પર્ધામાં આજે ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો વચ્ચે વિશાખાપટ્ટનમ ખાતે મુકાબલો થશે. અગાઉ આજ મેદાન પરની ગુરુવારની મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમે ભારતની ટીમને 3 વિકેટે હાર આપી હતી. આજની મેચ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

---

## હંગામી ફટાકડા બજાર:

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે તંત્ર દ્વારા ભુજ અને માધાપર ખાતે ઊભી થનારી હંગામી ફટાકડા બજારને મંજૂરી અપાઈ છે. આ અંગે શહેર મામલતદારે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે ભુજ અને માધાપર બંને સ્થળે ઊભી થનારી હંગામી ફટાકડા બજાર માટે 60 થી વધુ અરજી આવી હતી, જેના દસ્તાવેજોની ચકાસણી કરી મંજૂરી આપવામાં આવી છે. ભુજમાં કોલેજ રોડ પર સરકારી શાળાનાં પ્રાંગણમાં શરૂ થનારી હંગામી ફટાકડા બજારમાં અંદાજે 25થી 30 જેટલા સ્ટોલ ઊભા કરાશે. અને માધાપરમાં પણ 25થી 30 ધંધાર્થીએ પરવાના માટે અરજી કરી છે, તો શહેરમાં જુદાં-જુદાં સ્થળે વેચાણ કરતા અંદાજે 10થી 15 જેટલા ધંધાર્થીના પરવાના માગવામાં આવ્યા છે. જેમની પણ દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. માધાપરમાં ઊભી થનારી હંગામી બજારમાં અંદાજે 25 જેટલા સ્ટોલ ઊભા કરાશે.

---